# ફાયનાન્સ મેનેજર (વિત્ત/નાણાં વ્યવસ્થાપક)

ફાઈનાન્સ મેનેજર્સ કંપનીના નાણાકીય સંસાધનોના વિતરણ તેમજ બજેટ તૈયાર કરવા માટે જવાબદાર છે. તેઓ કંપની માટે સર્વશ્રેષ્ઠ હોય તેવા વ્યૂહાત્મક વ્યાવસાયિક નિર્ણયો લેવા માટે એક્ઝિક્યુટિવ અથવા વરિષ્ઠ મેનેજમેન્ટ ટીમને દૂરદૃષ્ટિ તેમજ નાણાકીય સલાહ આપે છે.



## વ્યક્તિગત નિપુણતા

- તમને વસ્તુઓ/પરિસ્થિતિનું વિશ્લેષણ કરવાનું ગમે છે
- તમને સમસ્યાઓ ઉકેલવામાં આનંદ આવે છે
- તમને સંખ્યાઓ/અંકો સાથે કામ કરવાનું ગમે છે
- તમે વિગતો પર ધ્યાન આપવાનું પસંદ કરો છો

આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૨૦,૦૦૦ થી ૪,૦૦,૦૦૦* જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે digitalgujarat.gov.in ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, www.vidyalakshmi.co.in, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો. (વિજ્ઞાન અથવા વાણિજ્ય પ્રવાહ ઇચ્છનિય છે.)

૨. અર્થશાસ્ત્ર/કોસ્ટ મેનેજમેન્ટ એકાઉન્ટિંગ (CMA) ફાઈનાન્સ/બિઝનેસ/એકાઉન્ટિંગમાં સ્નાતકની ડિગ્રી પૂર્ણ કરો.
**અથવા**

અર્થશાસ્ત્ર/કોસ્ટ મેનેજમેન્ટ એકાઉન્ટિંગ (CMA) ફાઈનાન્સ/બિઝનેસ/એકાઉન્ટિંગમાં સ્નાતકની ડિગ્રી મેળવો અને ત્યારબાદ, ચાર્ટર્ડ ફાઈનાન્સિયલ એનાલિસ્ટ (CFA)/ MBA ફાયનાન્સ / MA ફાઈનાન્સ / MSc. ફાઈનાન્સ જેવા વિષયોમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો.

સ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં પ્રવેશ માટે, તમારે નીચે પૈકીની એક પ્રવેશ પરીક્ષામાં યોગ્યતા પ્રાપ્ત કરવી આવશ્યક છેઃ સી.ઈ.ટી., એસ.ઈ.ટી., ડિ.યુ. જે.એ.ટી., એસ.ઈ.ટી.વગેરે.

સ્નાતકોત્તર અભ્યાસક્રમમાં પ્રવેશ માટે, તમારે નીચેની કોઈપણ પરીક્ષામાં યોગ્યતા પ્રાપ્ત કરવી આવશ્યક છેઃ કેટ/ એક્સ.એ.ટી./ જીમેટ/ એસ.એન.એ.પી./ એન.એમ.એ.ટી./સી.એમ.એ.ટી. વગેરે.

નોંધઃ ચાર્ટર્ડ ફાઈનાન્શિયલ એનાલિસ્ટ (સી.એફ.એ.) ઈન્સ્ટિટ્યુટ ઑફ ઈન્ડિયા તરફથી સી.એફ.એ. પ્રમાણપત્ર પ્રાપ્ત કરવું એ આ ક્ષેત્રમાં આગળ વધવા માટેનો એક સારો માર્ગ છે.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહીં આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

ફાઈનાન્સિયલ એકાઉન્ટન્ટનું અંદાજીત માસિક વેતન રૂ. ૪૦,૦૦૦ થી ૧,૬૦,૦૦૦* જેટલું હોય છે.

સ્ત્રોતઃhttps://www.payscale.com/research/IN/Job=Financial_Accountant/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** ઉદ્યોગ ગૃહો, બેંકો, રોકાણ કંપનીઓ અને વીમા કંપનીઓ વગેરે

**કાર્યસ્થળનું વાતાવરણઃ** આ ડેસ્ક જોબ નથી. સ્થાનિક મુસાફરી કરવી પડી શકે છે. તમે પૂર્ણ સમય કામ કરો તેવી શક્યતા છે, અને કેટલાક કિસ્સામાં દર અઠવાડિયે ૪૦થી વધુ કલાક કામ કરવાનું બની શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ વ્યવસ્થાપન અથવા વાણિજ્ય વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. એમએસયુ, વડોદરા
૨. મૌલાના આઝાદ કોલેજ, કોલકાતા
૩. જીટીયુ, અમદાવાદ
૪. લેડી શ્રી રામ કોલેજ, દિલ્હી
૫. મદ્રાસ ક્રિશ્ચિયન કોલેજ, ચેન્નાઈ
૬. ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ, દિલ્હી
૭. ડીડીયુ, નડિયાદ
૮. જે.બી.આઈ.એમ.એસ., મુંબઈ
૯. આઈ.આઈ.એમ., ભારતના વિવિધ શહેરોમાં

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. એલજેઆઈએમએસ, અમદાવાદ
૨. પી.પી. સવાણી યુનિવર્સિટી, સુરત
૩. નિરમા યુનિવર્સિટી, અમદાવાદ
૪. યુનિવર્સિટી ઓફ ટેકનોલોજી, જયપુર
૫. એનઆઈએસએમટીઆઈ, જુનાગઢ
૬. આઈ.બી.એમ.આર. આઈ.બી.એસ., બેંગલુરૂ
૭. ઈન્સ્ટિટ્યુટ ઑફ મેનેજમેન્ટ એન્ડ રિસર્ચ, ગાઝિયાબાદ
૮. ભવન્સ કૉલેજ ઓફ કૉમ્યુનિકેશન એન્ડ મેનેજમેન્ટ, જુનાગઢ

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ: https://onlinecourses.nptel.ac.in/noc20_mg31/preview

## અપેક્ષિત પ્રગતિ પથ

ફાઈનાન્સિયલ એકાઉન્ટન્ટ → ફાઈનાન્સિયલ ઓડિટર → ફાઈનાન્સિયલ મેનેજર → કંટ્રોલર → મેનેજમેન્ટ એકાઉન્ટન્ટ → ફાઈનાન્સિયલ એનાલિસ્ટ

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ફાઈનાન્સિયલ એકાઉન્ટન્ટ, ફાઈનાન્સિયલ કંટ્રોલ કન્સલટન્ટ, ફાઈનાન્સિયલ ઓફિસર

- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in

* એન.પી.ટી.ઈ.એલ.-નેશનલ પ્રોગ્રામ ઇન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**લોવાઈ નવલખી,** ભારતના પ્રથમ સર્ટિફાઈડ ફાયનાન્સિયલ પ્લાનર્સ (સી.એફ.પી.) પૈકીના એક છે. તેમણે એમ.બી.એ. (ફાઈનાન્સ) અને આઈ.સી.ડબલ્યુ.એ.ની પદવી ધરાવે છે. તાલીમ સાથે ખંતમાં અડગ વિશ્વાસ ધરાવતા શ્રી લોવાઈ, હવે ઈન્ટરનેશનલ મની મેટર્સના સ્થાપક અને સી.ઈ.ઓ. છે. તેઓ ફાઈનાન્સિયલ પ્લાનિંગ સ્ટાન્ડર્ડ બોર્ડ, ઈન્ડિયાના બોર્ડ મેમ્બર પણ રહી ચૂક્યા છે.*

સ્રોતઃ https://policyplanner.com/news/top-10-financial-experts-in-india

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.